ગાંધીનગર બિલ્ડર્સ એસોસીએશન
GANDHINAGAR BUILDERS ASSOCIATION
GBA
SINCE 1992
BUILDER'S FORUM

# GANDHINAGAR BUILDERS' ASSOCIATION

Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22,
Gandhinagar - 382022 **Ph. : (0) 23241151** email : gnrbuilder@yahoo.co.in

Dt : 12/11/2008

પ્રતિ

માન. મંત્રીશ્રી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

નવા સચિવાલય, ગાંધીનગર.

વિષય : ગાંધીનગરમાં પ્રવર્તમાન વિકાસ ના ટ્રેન્ડ મુજબ જી.ડી.સી. આર. માં જરૂરી ફેરફાર કરવા અંગેની રજુઆત

મા. સાહેબશ્રી,

ગુડા દ્વારા ગાંધીનગર તથા તેની આજુબાજુના વિસ્તારોમાં સુનિયોજીત વિકાસ થાય તે અંગે થતી કાર્યવાહી અભિનંદનને પાત્ર છે. ગાંધીનગર બિલ્ડર્સ એસોસિએશન પણ ગાંધીનગરના વિકાસમાં હંમેશા સહભાગી રહે છે. તથા આગામી દિવસોમાં તેના સુનિયોજીત વિકાસ માટે કટીબદ્ધ છે. હાલ પ્રવર્તમાન સરકાર દ્વારા ગાંધીનગરની આજુબાજુના વિસ્તારમાં ગાંધીનગર દેશના નકશામાં મહત્વનું સ્થાન મેળવે તે પ્રકારના પ્રોજેક્ટનું આયોજન થયેલ છે. અને હાલ તે અમલીકરણના તબક્કે છે. સદરહું સુચિત વિકાસના અનુસંધાને ગુડા વિસ્તારમાં સુઆયોજિત તેમજ મેટ્રો સિટી સમકક્ષ પ્રકારનું ડેવલોપમેન્ટ થાય તે અંગે અન્ય મેટ્રો સિટી જેવા કે મુંબઈ તથા અમદાવાદના બિલ્ડીંગ કંટ્રોલ રેગ્યુલેશનનો અભ્યાસ કરતા ગુડાના હાલના જી.ડી.સી.આર. માં નીચે દર્શાવ્યા મુજબના સુધારા કરવા જોઈએ તે પ્રકારનું અમારું મંતવ્ય છે. અને તે અંગે આપનો હકારાત્મક અભિગમ અપેક્ષીત છે.

૧.(અ) ગુડાના આર.૪ (રહેણાંક) ઝોનમાં ૧૮.૦૦ મીટરથી નાના રોડ પર હાલના નિયમો મુજબ મળવાપાત્ર ફ્લોર જી + ૨ તથા ઉંચાઈ ૧૦.૦૦ મીટર છે. જેમાં સુધારો કરી ૧૨.૦૦ મી. થી ૧૮.૦૦ મીટર પહોળાઈના રોડ ઉપર મળવાપાત્ર ફ્લોર જી + ૪ તથા ઉંચાઈ ૧૮.૦૦ મીટર કરવામાં આવે. તથા વધુમાં ૧૮.૦૦ મીટર અને તેનાથી મોટા રોડ ઉપર જી + ૧૧ ફ્લોર તથા ઉંચાઈ ૪૦.૦૦ મીટર સુધીની કરવામાં આવે તેવું અમારું મંત્વય છે.

(બ) ગુડા આર.૫ (રહેણાંક) ઝોનને આર.૪ (રહેણાંક) ઝોનમાં ફેરવવામાં આવે જેનાથી સમગ્ર વિસ્તારમાં બાંધકામની એક સુત્રતા જળવાય.

(ક) ગુડાના સી.૪ (કોમર્શીયલ) ઝોનમાં હાલે મળવાપાત્ર ગ્રાઉન્ડ કવરેજ ૩૦%, ફ્લોર જી + ૭ અને ઉંચાઈ ૨૪.૦૦ મીટર છે. જેમાં સુધારો કરી મળવાપાત્ર ગ્રાઉન્ડ કવરેજ ૪૫%, ફ્લોર જી + ૧૧ તથા ઉંચાઈ ૪૦.૦૦ મીટર કરવામાં આવે તેવી રજુઆત છે.

(ડ) ગુડાના આઈ.૪ (ઈન્સ્ટિટ્યુશનલ) ઝોનમાં હાલે મળવાપાત્ર ગ્રાઉન્ડ કવરેજ ૪૦% તથા ઉંચાઈ

Contd...

AMRISH VYAS PRESIDENT • MUKESH PATEL VICE PRESIDENT • DARSHAN DAVE SECRETARY • JAYESH GANDHARVA ORG. SECRETARY • PIYUSH PATEL TREASURER